# ધોરણ ૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષા લેખનમાં થતા જોડણીદોષોનું નિદાન અને ઉપચાર કાર્યની અસરકારકાતનો અભ્યાસ

જાગૃતિ આર. પટેલ
(પીએચ.ડી. સ્કોલર)
એજ્યુકેશન (પીએચ.ડી.) વિભાગ, ગણપત યુનિવર્સિટી,
ગણપત વિદ્યાનગર, ખેરવા. તા.જી. મહેસાણા

### ૧. પ્રસ્તાવના

પ્રવર્તમાન સમયમાં શિક્ષણ જગતની વધતી જતી સમસ્યાઓમાં મહત્ત્વની બાબત ભાષાશિક્ષણની છે. વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાને પરિણામે તથા કથળી ગયેલ શિક્ષણપ્રથાને પરિણામે માતૃભાષાના શિક્ષણમાં અનેક પ્રકારની અરાજકતા જોવા મળે છે.માતૃભાષામાં પોતાના વિચારો લેખિત સ્વરૂપમાં રજૂ કરવા માટે નિશ્ચિત જોડણી અને તેની અનુરૂપ ગોઠવણીથી જ શબ્દોનું ઘડતર થતું જોવા મળે છે. આથીજ ભાષાને શિષ્ટતુલ્ય બનાવવા માટે શુદ્ધ જોડણીની આવશ્યકતા જરૂરી બને છે.ભાષા માનવી - માનવી વચ્ચેના તથા માનવી અને સમાજ વચ્ચેના પ્રત્યાંયન માટેનું એક સબળ અને સફળ સાધન છે. માનવી પોતાના વિચારો મંતવ્યોને એષણાઓ, રુચિ - અરુચિ અસરકારક રીતે માતૃભાષા દ્વારા જ વ્યક્ત કરી શકે છે.આથી, શિક્ષકે પોતાના શિખવેલ વિષયના મૂલ્યાંકન બાદ વિદ્યાર્થીઓની અભ્યાસમાં રહેલી કચાશ જાણવા નિદાનાત્મક કસોટીનો ઉપયોગ કરવો જોઈએ અને ત્યારબાદ ઉપચાર કરવો જોઈએ. ગુજરાતી લેખનકાર્યમાં આ પ્રકારની શૈક્ષણિક કચાશ ન રહી જાય, તે માટે નિદાન અને ઉપચારકાર્ય કરવું જરૂરી છે.

### ૨. શીર્ષક

ધોરણ ૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષા લેખનમાં થતા જોડણીદોષોનું નિદાન અને ઉપચાર કાર્યની અસરકારકાતનો અભ્યાસ

### 3. અભ્યાસનું ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર ‘માપન અને મૂલ્યાંકન’ ના ક્ષેત્ર અંતર્ગત ‘નિદાન અને ઉપચારકાર્ય’ છે.

### ૪. અભ્યાસનો પ્રકાર

પ્રસ્તુત અભ્યાસ ‘વ્યાવહારિક સંશોધન’ પ્રકારનો છે.

### ૫. અભ્યાસના હેતુઓ

૧. ધોરણ ૮ ના ગુજરાતી વિષયમાં જોડણીકસોટી નિદાનકસોટીની રચના કરવી.
૨. ધોરણ ૮ ના વિદ્યાર્થીઓના ગુજરાતી લેખનકાર્યમાં થતી જોડણીની ભૂલોનું નિદાન કરવું.
૩. જોડણી દોષોનું જોડાક્ષર દીર્ઘ ‘ઈ’ કારાન્ત દીર્ઘ ‘ઊ’ કારાન્ત શબ્દો મુજબમાં વર્ગીકરણ કરવું.
૪. પુનઃ શિક્ષણના અભિગમથી નિશ્ચિત સમયગાળા સુધી ઉપચારાત્મક શિક્ષણકાર્ય કરવું.
૫. ઉપચાર (પુનઃનૈદાનિક કસોટી) દ્વારા પુન : શિક્ષણના પરિણામે જોડણી દોષોમાં થયેલા સમગ્ર તથા શબ્દ પ્રકારવાર પ્રમાણ જાણવું.

**૬. અભ્યાસની ઉત્કલ્પનાઓ**

$Ho_1$ ધોરણ ૮ના વિદ્યાર્થીઓના સમગ્ર નિદાનકસોટી પરના પ્રાપ્તાંકો તથા સમગ્ર પુન: નૈદાનિક કસોટી પરના કુલ પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_2$ ધોરણ ૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાના જોડાક્ષરવાળા શબ્દોના પૂર્વકસોટી પરના અને ઉત્તરકસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_3$ ધોરણ ૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાના દીર્ઘ 'ઈ' કારાન્તવાળા શબ્દોના પૂર્વકસોટી પરના પ્રાપ્તાંકો અને ઉત્તરકસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_4$ ધોરણ ૮ના વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાના દીર્ઘ 'ઊ' કારાન્તવાળા શબ્દોના પૂર્વકસોટી પરના પ્રાપ્તાંકો અને ઉત્તરકસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

**૭. અભ્યાસનું સીમાંકન**

- પ્રસ્તુત સંશોધનમાં વિસ્તાર તરીકે ફક્ત મહેસાણા શહેર લેવામાં આવશે.
- ધોરણ-૮ના વિદ્યાર્થીઓ પૂરતો સીમિત રહેશે.
- પ્રસ્તુત સંશોધનમાં ફક્ત ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવશે.

**૮. અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત અભ્યાસ નિદાન-ઉપચાર સ્વરૂપનો કોઈ અકી પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.એક જૂથ પૂર્વકસોટી - પ્રયોગબળ - ઉત્તરકસોટી પ્રયોગ યોજનાનો ઉપયોગ કર્યો હતો.

**૯. અભ્યાસમાં સમાવિષ્ટ ચલ**

- સ્વતંત્રચલ- પુન : શિક્ષણ (ઉપચારાત્મક કાર્ય)
- પરતંત્રચલ- જોડણી દોષો (પ્રકાર અને પ્રમાણ)
- અંકુશિતચલ- ધોરણ, વિષયવસ્તુ, શૈક્ષણિક વર્ષ

**૧૦.અભ્યાસનું વ્યાપવિશ્વ અને નમૂનો**

**૧૦.૧ વ્યાપવિશ્વ**

મહેસાણા શહેરની મિશ્ર શાળાઓમાંથી ધોરણ ૮ના વિદ્યાર્થીઓ પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ બને છે.

**૧૦.૨ નમૂનો**

અહીં સહેતુક નમૂના પસંદગી પ્રયુક્તિ અંતર્ગત શાળાના ધોરણ ૮ના એક વર્ગના ૪૦ વિદ્યાર્થી ભાઈ - બહેનોને નમૂનામાં સમાવેશ કરવામાં આવેલ છે.

**૧૧. અભ્યાસનું ઉપકરણ**

પ્રસ્તુત અભ્યાસ માટે ધોરણ ૮ના ગુજરાતી વિષયના પાઠ્ય પુસ્તકને આધારે ૭૫ શબ્દો ધરાવતી એક જોડણી કસોટી તૈયાર કરવામાં આવેલ છે. તેમાં જોડાક્ષર દીર્ઘ 'ઈ' કારાન્ત દીર્ઘ 'ઊ' કારાન્ત વાળા એમ દરેક પ્રકારમાં તજજ્ઞીય અભિપ્રાયોને આધારે ૧૫-૧૫ શબ્દો રાખ્યા હતા. આમ અહીં સ્વરચિત ઊપકરણનો ઉપયોગ કર્યો છે.

**૧૨. પ્રયોગવિધિ**

**સોપાન: ૧** નમૂનામાં સમાવિષ્ટ ૪૦ પાત્રોને નિદાન કસોટી (જોડણી કસોટી) આપી ઉત્તરોની ચકાસણી કરી.સમગ્ર કસોટી અને પ્રકારવાર પેટાકસોટીમાં તેમની ભૂલોના પ્રકાર તથા પ્રમાણની ગણતરી કરી.

**સોપાન: ૨** જોડણી કસોટીમાં સમાવિષ્ટ શબ્દોના સંદર્ભમાં ૬ દિવસ સુધી વિદ્યાર્થીઓને જોડણીના નિયમોનું પુનઃશિક્ષણ (ઉપચારકાર્ય) કર્યું.

**સોપાન: ૩** અંતે વિદ્યાર્થીઓને પુનઃ નૈદાનિક કસોટી (નિદાનકસોટી) આપી તેમના જોડણી દોષોના પ્રકાર અને પ્રમાણની ગણતરી કરી.

## ૧૩. માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

નિદાન કસોટી અને ઉપચાર કસોટી પરના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકોનું જોડણીભૂલના પ્રકાર અનુસાર વર્ગીકરણ કરી મધ્યકો, સહસંબંધિત કોઈ પિયર્સન પરિબળ ગુણાકાર સહસંબંધાત્મક શોધ્યો. સૂત્રના ઉપયોગ દ્વારા ક્રાંતિક ગુણોત્તર ટી શોધી તેની ૦.૦૧ અને ૦.૫ કક્ષાએ સાર્થકતા તપાસી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર / અસ્વીકાર કરવામાં આવ્યો.

## ૧૪. અભ્યાસનાં તારણો

૧. નિદાનકસોટીના મધ્યક ૪૪.૯૨ અને પુનઃ નૈદાનિક કસોટીના મધ્યક ૫૬.૮૮ વચ્ચે ૦.૦૧ કક્ષા સાર્થક તફાવત છે. આથી શૂન્ય $Ho_1$ નો અસ્વીકાર થયો.

૨. જોડાક્ષરની નિદાનકસોટીના મધ્યક ૭.૮૦ અને પુનઃ નૈદાનિક કસોટીના મધ્યક ૧૭.૭૮ વચ્ચેનો તફાવત ૦.૦૧ કક્ષા સાર્થક છે. આથી શૂન્ય $Ho_2$ નો અસ્વીકાર થયો.

૩. દીર્ઘ ‘ઈ’ કારન્તવાળા શબ્દોમાં નિદાનકસોટીના મધ્યક ૯.૨૩ અને પુનઃ નૈદાનિક કસોટીના મધ્યક ૧૧.૩૦ વચ્ચે નો તફાવત ૦.૦૧ કક્ષા સાર્થક તફાવત છે. આથી શૂન્ય ઉત્કલ્પના $Ho_3$ નો અસ્વીકાર થયો.

૪. દીર્ઘ ‘ઊ’ કારન્તવાળા શબ્દોની જોડણીમાં નિદાનકસોટી અને પુનઃ નૈદાનિક કસોટીના મધ્યકો અનુક્રમે ૮.૦૫ અને ૧૦.૯૫ વચ્ચેનો તફાવત ૦.૦૧ કક્ષાએ સાર્થક હતો. આથી ઉત્કલ્પના $Ho_4$ નો અસ્વીકાર થયો.

## સંદર્ભસૂચિ

૧. આકુવાલા, સી.કે (૧૯૬૮). જોડણી શિક્ષણ. (૩૯મી આવૃત્તિ), ભારત પ્રકાશન. અમદાવાદ.
૨. દેસાઈ, કે.જી. (૨૦૦૦). મનોવૈજ્ઞાનિક માપન. (છઠ્ઠી આવૃત્તિ), અમદાવાદ: ગ્રંથનિર્માણ બોર્ડ. ગુજરાતરાજ્ય
૩. યાહ, દિપીકા બી.(૨૦૦૪) શૈક્ષણિક સંશોધન. (બીજી આવૃત્તિ). અમદાવાદ: ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬.
૪. ધોરણ ૮ ગુજરાતી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ વિદ્યાયમ, સેક્ટર ૧૦-એ ગાંધીનગર-૩૮૨૦૧૦.